સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
SPIPA
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫
ફોન : (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ : (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

# પરીક્ષાલક્ષી વિગતવાર જાહેરાત

(ક્રમાંક: સીજીઆર-તાલીમ/૨૦૨૧-૨૨/પ્રવેશ પરીક્ષા/૨૦૨૧/ઇડીપી)

કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (class 1-2) માટેનો પ્રશિક્ષણવર્ગો ૨૦૨૧-૨૨

**(આ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત પ્રશિક્ષણવર્ગ છે નોકરી માટેની જાહેરાત નથી)**

૧. સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા ,અમદાવાદ ખાતે કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોમાં વર્ગ ૧-૨ની ભરતી માટેની જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે તાલીમ આપવા માટેના પ્રશિક્ષણ વર્ગો ૨૦૨૧-૨૨ માટેની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે .ઉક્ત વિગતેઓનલાઇન અરજી કરતાં પહેલા તમામ ઉમેદવારોએ નીચેની વિગતો ધ્યાને . .લેવી.

૨. સ્પીપા, અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો ખાતે તાલીમકેન્દ્રો દીઠ ગુજરાત સરકારની પ્રવર્તમાન અનામત નીતિ મુજબ ભરવામાં આવનાર તાલીમાર્થીઓની સંખ્યા(ફાળવેલ સંખ્યાબળની વિગત)નો ઉલ્લેખ આ વિગતવાર જાહેરાતમાં કરવામાં આવેલ નથી,તેની જાહેરાત પ્રવેશ પરીક્ષાના પરીણામની સાથે પ્રસિધ્ધ કરવામાં આવશે .જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી .

3. **પ્રવેશ પરીક્ષા ફી (Non Refundable):**

- તમામ કેટેગરીના તમામ ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાની ફી ભરવી ફરજિયાત છે. અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસી શકાશે નહીં.
- પ્રવેશ પરીક્ષા ફી https://ojas.gujarat.gov.in/વેબસાઇટ પર ફકત ઓનલાઇન મોડમાં જ તા.૨૧-૦૮-૨૦૨૧ થી તા.૦૬-૦૯-૨૦૨૧(સમય રાત્રિના ૨૩.૫૯ કલાક સુધી)સુધી ભરવાની રહેશે. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.
- સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ!.300/- ભરવાના રહેશે.
- અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે નબળા વર્ગો, દિવ્યાંગ (The Right of Persons with Disabilities Act-2016ની જોગવાઇ મુજબના)ઉમેદવારો, માજી સૈનિકોએ પરીક્ષા ફી પેટે રૂા.૧૦૦/- ભરવાના રહેશે. પ્રવેશ પરીક્ષા ફી Non Refundable છે.

૪. **શૈક્ષણિક લાયકાત અને પાત્રતા**

Scanned with CamScanner

- **શૈક્ષણિક લાયકાત:** કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર ધ્વારા કાયદાથી સ્થાપિત માન્ય યુનિવર્સીટી/ડીમ્ડ યુનિવર્સીટીમાંથી સ્નાતક થયેલ હોવા જોઇએ.
- કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, ગુજરાતની યુનિવર્સીટીઓ ધ્વારા વર્ષ ૨૦૨૧ માં લેવાની થતી સ્નાતક કક્ષાની અમુક શાખાઓની છેલ્લા સેમેસ્ટરની પરીક્ષાઓ બાકી છે આ બાબતને ધ્યાને રાખી ઉમેદવારોના હિતમાં લેવાયેલ નિર્ણય મુજબ, જે ઉમેદવારો સ્નાતક કક્ષાના છેલ્લા વર્ષ/સેમેસ્ટરમાં હોય તે પણ અરજી કરી શકશે. (છેલ્લા વર્ષ/સેમેસ્ટરમાં હોય તેવા ઉમેદવારોની પરીક્ષા જો યોજાયેલ ના હોય /પરીણામ જાહેર થયેલ ના હોય તો તેવા સંજોગોમાં તેવા ઉમેદવારોને પ્રવેશ સંબંધિત સંસ્થાનો નિર્ણય આખરી રહેશે.)

નોંધ: જે ઉમેદવારો છેલ્લા વર્ષ/સેમેસ્ટરમાં હોયતેઓએ ઓનલાઇન અરજી કરતી વખતે Appeared/Yet to Appear for Last Year/Semester of Graduation, Exam/Resultawaitedકિસ્સામા Percentage, No. Of Trials & Last Trial Seat No. માં 0(શુન્ય) લખવું અને Class માં Not Applicable (NA) પસંદ કરવું.

- **રાષ્ટ્રીયતા:** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ
- આ તાલીમમાં જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી હોય અથવા જે ઉમેદવારોએ માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરી હોય અથવા સ્નાતક કક્ષાની પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરેલ હોય અથવા ૧લી ઓગસ્ટ,૨૦૨૧ પહેલાંગુજરાતમાં પાંચ વર્ષનો વસવાટ કરેલ હોય અને હાલ ગુજરાતમાં સ્થાયી હોય તેવા ઉમેદવારો આ તાલીમવર્ગમાં દાખલ થવા માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષામાં અરજી કરી શકશે.
- જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા,સંબંધિત જાતિ પ્રમાણપત્રો, સામાજીક-શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારનું નોન-ક્રીમીલેયર સર્ટીફિકેટ, આર્થિક રીતે નબળાં વર્ગો (EWS)માટે પાત્રતા પ્રમાણપત્ર તથા અન્ય તમામ ડોક્યુમેન્ટ્સ સંસ્થા દ્વારા જે તારીખે રજુ કરવા જણાવવામાં આવે તે તારીખની સ્થિતિએ સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓના અનુસંધાને ધ્યાનમાં લેવામાં આવશે.

૫. વયમર્યાદા: (તા.૦૧/૦૮/૨૦૨૧ ની સ્થિતિએ)

૧. ઓછામાં ઓછા ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૨૮ વર્ષ સુધી

૨. બિનઅનામત (General Category) અને આર્થિક રીતે નબળા વર્ગ (Economically Weaker Section) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે નહીં

3. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

૪. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

Scanned with CamScanner

૫. માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ ઉપરાંત વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

૬. અંધ ઉમેદવાર અને શારીરિક વિકલાંગ ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ ઉપરાંત વધુમાં વધુ દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

**૬. પ્રવેશ પરીક્ષા:**

**૧.** પ્રવેશ પરીક્ષા માટે કોન્ટીટેટીવ એપ્ટીટયુડ, રિઝનીંગ, જનરલ અવેરનેસ અને, અંગ્રેજીનું મળી કુલ ૨૦૦-(Multiple Choice Question)મુજબ લેવામાં આવશે .

**૨.** પ્રવેશ પરીક્ષા (આકસ્મિક સંજોગો સિવાય) તા.૧૯/૦૯/૨૦૨૧ ને રવિવારના રોજ લેવામાં આવશે જેની વિગત નીચે મુજબ છે.

**3.** હેતુલક્ષી પ્રવેશ પરીક્ષા (Multiple Choice Question Exam)-:

| તારીખ | સમય | વિષય | ગુણ |
|---|---|---|---|
| ૧૯-૦૯-૨૦૨૧ | ૧૧-૦૦ થી ૧૩-૦૦ | ૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | ૫૦ |
| | | ૨) વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | ૫૦ |
| | | 3) ઇંગ્લીશ /અંગ્રેજી | ૫૦ |
| | | ૪) જનરલ અવેરનેસ અને કરન્ટ અફેર્સ | ૫૦ |
| | | કુલ ગુણ | ૨૦૦ |

પ્રવેશ પરીક્ષા માટેનું કેન્દ્ર: વિગતવાર કેન્દ્રની જાણ પ્રવેશપત્ર (Hall Ticket) ઉમેદવાર https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે.

**નોંધ:**

(૧) ખોટા જવાબ બદલ પ્રશ્નના ૧/3 ગુણ બાદ કરવામાં આવશે.

(૨) અંધ ઉમેદવારને ૨૦ મિનિટ વધારાના સમય તરીકે આપવામાં આવશે.

(3) પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકાર( બહુવિધ પસંદગી પ્રશ્ન )
હેતુલક્ષીપ્રકાર(ગુજરાતીઅનેઅંગ્રેજીમાધ્યમમાં)

(૪) પ્રવેશ પરીક્ષા અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને મહેસાણા ખાતે યોજવામાં આવશે. તમે જે કેન્દ્ર ખાતે પરીક્ષા આપવા માગતા હો તે અંગે ક્રમાનુસાર ૫(પાંચ) વિકલ્પ આપવાના રહેશે.જેની ફાળવણી ઉપલબ્ધતાના ધોરણે કરવામાં આવશે.પ્રવેશ પરીક્ષાના સ્થળ બદલવા કે અન્ય સ્થળે પ્રવેશ પરીક્ષાના આયોજન અંગેના તમામ નિર્ણયોમાં સ્પીપાનો નિર્ણય આખરી ગણાશે. સ્પીપાના નિર્ણય સામે કોઇપણ પ્રકારની ફરીયાદ/ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

Scanned with CamScanner

**૭. હોલ ટીકીટ ડાઉનલોડ/પ્રિન્ટ આઉટ કરવા બાબત:**

તા.૧૯-૦૯-૨૦૨૧ને રવિવારના રોજ યોજાનાર પરીક્ષા માટે પ્રવેશ પરીક્ષા ફી ભરનાર અરજદાર http://ojas.gujarat.gov.in ની વેબસાઇટ પરથીપ્રવેશપત્ર (Hall Ticket) તા.૧૩/૦૯/૨૦૨૧ થી તા.૧૯/૦૯/૨૦૨૧ (સવારના ૧૦.30 વાગ્યા સુધી) દરમિયાન ડાઉનલોડ કરી શકશે. (વિગતવાર કેન્દ્રની જાણ પ્રવેશપત્ર/હોલટીકીટમાં કરવામાં આવશે.)

**૮. પરીક્ષાનો અભ્યાસક્રમ:**

| The examination consists of | | |
|---|---|---|
| Paper | (૧) કોન્ટીટેટીવ એપ્ટીટયુડ | 50 Marks |
| | (૨) વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ | 50 Marks |
| | (3) ઇંગ્લીશ | 50 Marks |
| | (૪) જનરલ અવેરનેસ અને કરન્ટ અફેર્સ | 50 Marks |
| | Total | 200 Marks |

કુલ ૨૦૦ ગુણના આધારે ઉમેદવારોની તેઓએ પ્રાપ્ત કરેલ મેરીટયાદી સંસ્થાની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. ત્યારબાદ રાજ્યસરકારની પ્રવર્તમાન અનામતનીતિ મુજબ ઉમેદવારોના મેરીટલ કેટેગરી અને તાલીમકેન્દ્રની પસંદગીના પ્રેફરન્સ મુજબ સંબંધિત તાલીમકેન્દ્રો ખાતે સંખ્યાબળ ભરવામાં આવશે.

**૯. અરજી કરવાની રીત:**

૧. આ જાહેરાતના સંદર્ભમાં ફક્ત ઓન લાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ તારીખ મુજબ તા.૨૧/૦૮/૨૦૨૧ થી તા.૦૬/૦૯/૨૦૨૧ (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન http://ojas.gujarat.gov.in/વેબસાઇટ પર Online Application મેનુ પર ક્લિક કરી તેના Apply સબમેનુ પર ક્લિક કરી સિલેક્શનના ડ્રોપડાઉન મેનુમાંથી "Sardar Patel Institute of Public Administration (SPIPA)" પર ક્લિક કરવાથી જાહેરાત ક્રમાંક: સીજીઆર-તાલીમ/૨૦૨૧-૨૨/પ્રવેશ પરીક્ષા/૨૦૨૧/ઇડીપી "કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (વર્ગ-૧-૨) ખુલશે". જેમાં "Details" પર ક્લિક કરવાથી જાહેરાત વાંચી શકશો અને "Apply" પર ક્લિક કરીને "Apply now" પર Click કરવાથી ઓન-લાઇન અરજીપત્રક ભરી શકાશે.

ઓનલાઇન અરજીપત્રક ભરવા અંગેનું માર્ગદર્શન ઉક્ત વેબસાઇટના હોમપેજ પર Bottom માં "How to Apply" પર ક્લિક કરી મેળવી શકાશે. જે માટે નીચેની લિંકપર ક્લિક કરવું. https://ojas.gujarat.gov.in/Images/HowToApply.pdf

૨. અરજીપત્રક ઓનલાઇન ભરતાં સમયે ઉમેદવારોને પોતાના પરીક્ષા કેન્દ્ર પસંદગી માટે ૫ (પાંચ) વિકલ્પ રજુ કરવાના રહેશે.

3. તાલીમકેન્દ્રની પસંદગી મુજબના ક્રમાનુસાર પ્રેફરન્સ આપ્યા બાદ કોઇપણ પ્રકારના બદલાવ માટે માંગણી કે રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

Scanned with CamScanner

૪. વધુમાં, ઓનલાઇન ફોર્મ ભરતી વખતે "Education Qualification"પરની વિગતોમાં દરેક ઉમેદવારે પોતાની સ્નાતક લાયકાતમાં Institute Name and Exam Bodyમાં પોતાની કોલેજ અને સંબંધિત યુનિવર્સીટીનું નામ અવશ્ય દર્શાવવાનું રહેશે.

**૧૦. સામાન્ય સૂચનાઓ:**

૧. દરેક ઉમેદવારે પરીક્ષાકેન્દ્રમાં સરકારશ્રી ધ્વારા જાહેર કરેલ, કોવિડ-૧૯ મહામારી અંગેની ગાઇડલાઇન અંતર્ગત ફરજિયાતપણે માસ્ક પહેરીને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનું રહેશે. દરેક ઉમેદવારે પોતાના સ્વાસ્થ્યની ખાસ તકેદારી રાખીને પરીક્ષાકેન્દ્ર ખાતે આવવાનું રહેશે.

૨. તા. ૧૯/૦૯/૨૦૨૧, રવિવારના રોજ યોજાનાર પરીક્ષા માટે અરજદાર પ્રવેશ પરીક્ષા માટેના પ્રવેશપત્ર (Hall Ticket) http://ojas.gujarat.gov.in ની વેબસાઇટ પરથી તા.૧૩ -૦૯-૨૦૨૧થી તા. ૧૯/૦૯/૨૦૨૧ (સવારના ૧૦:૩૦ કલાક સુધી)ડાઉનલોડ કરી શકશે.

૩. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

૪. પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ પહેલાં ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.

૫. ઉમેદવારના યોગ્ય કારણને ધ્યાને લઇ, પરીક્ષા શરૂ થાય તે પછી વધુમાં વધુ૨૦ મિનિટ સુધી જ પરીક્ષાખંડમાં પ્રવેશ મળી શકશે. પરંતું તે બદલ વધારાનો સમય આપવામાં આવશે નહીં.

૬. ઉમેદવાર પોતાની સાથે પરીક્ષા ખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઇલવગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલું કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકશે નહી.

૭. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં. કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહીં. આ સૂચનાના ભંગ બદલ ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

૮. પરીક્ષા શરૂ થયા બાદ તે પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.

૯. પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરત OMR Sheet નિરીક્ષકને સોંપી દેવી.

૧૦. તૈયાર થનાર પરીણામની જાણ ઉમેદવારોને વેબસાઈટ www..spipa.gujarat.gov.inપર માહિતી મૂકી જાણ કરવામાં આવશે.ઉમેદવાર,પરિણામની સાથે સંબંધિત તબક્કાની પરીક્ષાના માર્ક્સ તેમજ OMR Sheet અને Answer Key જોઈ શકશે.

૧૧. સંસ્થા કોઇપણ ઉમેદવારને કે જેણે,

(૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે

(૨) બીજાનું નામ ધારણ કરવા માટે

(૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે

(૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય્ તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે

(૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે

(૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે

(૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારમાંથી નકલ કરવા કેલ્ક્યુલેટર, મોબાઇલ વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો,પુસ્તક, ગાઇડ, કાપલી કે

Scanned with CamScanner

તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે

(૮) પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુક કરવા માટે

(૯) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે

(૧૦) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે

(૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા

(૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત સંસ્થા, સંબંધિત ઉમેદવારને પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.

(૧૩) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો, ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા દ્વારા "રદ" કરવામાં આવશે.

(૧૪) સંસ્થા ધ્વારા લેવાનાર પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને પ્રવેશ માટેનો હક મળી જતો નથી. પ્રવેશ સમયે સક્ષમ સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

(૧૫) પસંદગી પામેલ ઉમેદવારને સંસ્થાના વખતોવખતના/પ્રવર્તમાન નિયમો મુજબ નિશ્ચિત શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ મળશે.

(૧૬) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણ માત્રથી પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે દાવો કરવાને હકદાર થશે નહીં, પરંતુ ઉમેદવારની અરજીને ધ્યાને લઇ તેની કેટેગરી, ઉંમર, શૈક્ષણિક લાયકાત વગેરે વિગતો અન્વયે તૈયાર થયેલ આખરી કેટેગરીવાઈઝ મેરીટને સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂરી મળ્યા બાદ જ પ્રવેશ રાજ્ય સરકારની અનામત નીતિ અને મેરિટને ધ્યાને લઇને આપવામાં આવશે.

(૧૭) આ જાહેરાત, તાલીમસ્થળ તથા પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે કોઇપણ કારણોસર, તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યક્તા ઉભી થાયતો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા સંસ્થા જવાબદાર રહેશે નહીં.

(૧૮) સંસ્થા ખાતે પ્રવેશ મેળવેલ ઉમેદવારો ચાલુ તાલીમ દરમ્યાન ગેરશિસ્ત અથવા ગેરમાર્ગે દોરનારી પ્રવૃત્તિ કરશે કે કરાવશે, ઉશ્કેરણીજનક કે વાંધાજનક ભાષણો કે લખાણો કરશે અથવા વિદ્યાર્થીઓ પાસે કે અન્ય ત્રાહિત વ્યક્તિ પાસે કરાવશે, વિદ્યાર્થી સંગઠનો/કમિટી/યુનિયન બનાવી અભ્યાસને ધ્યાનમાં ન રાખતાં અન્ય પ્રવૃત્તિઓ કરશે એટલે કે એવી પ્રવૃત્તિઓ કે જે અન્ય વિદ્યાર્થીઓ કે સંસ્થાને નુકસાનકર્તા કે હાનિકર્તા હશે તો તેવા સંજોગોમાં ચાલુ તાલીમ દરમ્યાન પણ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવાની અબાધિત સત્તા સંસ્થાના સક્ષમ સત્તાધિકારીને રહેશે.

Scanned with CamScanner

(૧૯) આ વર્ષે સંસ્થા ખાતે કોવિડ-૧૯ મહામારીને ધ્યાને રાખીને રજીસ્ટ્રેશન કેમ્પ રાખવામાં આવશે નહીં. આથી ઉમેદવારોએ પ્રવેશપત્ર (Hall Ticket) ડાઉનલોડ કરતાં પહેલાં આપેલ તાલીમકેન્દ્રની પસંદગી માટેના સેન્ટર પ્રેફરન્સને ધ્યાને રાખી રાજ્યસરકારની પ્રવર્તમાન અનામતનીતિ મુજબ કેટેગરીવાઇઝ અને પ્રાપ્ત કરેલ મેરીટ પ્રમાણે તેઓને મળવાપાત્ર તાલીમકેન્દ્ર ખાતે જ પ્રવેશ આપવામાં આવશે, સંબંધિત ઉમેદવારે ત્યાં હાજર થઇને ડોક્યુમેન્ટ વેરીફિકેશન કરાવવાના રહેશે અને તે જ તાલીમકેન્દ્ર ખાતે તાલીમ લેવાની રહેશે. તદન્વયે ઉમેદવારોએ દિન-૧૫ માં ડિપોઝીટ ભરીને અચૂક પ્રવેશ મેળવવાનો રહેશે અન્યથા તેમનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે અને તેમની જગ્યાએ પ્રતિક્ષાયાદીમાંથી અન્ય ઉમેદવારોને કેટેગરી વાઇઝ મેરિટ પ્રમાણે બોલાવીને તે જગ્યાએ પ્રવેશ આપવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

(૨૦) સ્પીપા, અમદાવાદ કે તેના નિયંત્રણ હેઠળના કોઇપણ તાલીમકેન્દ્રો ખાતે સદર તાલીમવર્ગમાં હોસ્ટેલ સવલત મળવાપાત્ર રહેશે નહીં. તાલીમાર્થીએ સ્વખર્ચે રહેવા-જમવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૧) ઉપરની વિગતે ઉમેદવારની કોઇપણ પ્રકારની માંગણી/રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. તેમ છતાં આ બાબતે ઉમેદવાર કોઇપણ પ્રકારની લેખિત માંગણી/રજૂઆત કરશે તો તેમની આ માંગણી/રજૂઆત રદ્દબાતલ કરીને દફતરે કરવામાં આવશે અને તેનો કોઇપણ પ્રકારનો જવાબ આપવાની સંસ્થાની જવાબદારી રહેશે નહીં.

(૨૨) પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ તાલીમના સ્થળે સ્વખર્ચે પહોંચવાનું રહેશે.

**૧૧. <u>પરીક્ષાના પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ:</u>**

૧) પ્રશ્નપત્ર- ૨૦૦ માર્કસનું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી (MCQ)પ્રકારના રહેશે.પ્રશ્નોના જવાબો અલગ આપેલ OMR sheet પર જ લખવાના રહેશે. જવાબો બોલપેન (બ્લ્યુ/કાળી)થી ફક્ત (●) કરીને આપવાના છે. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે. ગુજરાતી ભાષાંતરમાં કોઇ ગુંચવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.

૨) OMR sheet માં નિયત જગ્યાએ તમારો બેઠક નંબરઅને Question Booklet Series અવશ્ય લખવી.

3) OMR sheet માં જવાબ માટે બોલપેન (બ્લ્યુ/કાળી)થી કરેલ નિશાની સિવાયનું (●) કોઇપણ પ્રકારનું લખાણ અથવા એક કરતાં વધુ વૈકલ્પિક ઉત્તરો ગુણને પાત્ર થશે નહીં.

૪) OMR sheet ઉપર નિરીક્ષકની સહી છે કે નહીં તેની ખાત્રી કરી લેવી. જો તમારી OMR sheet ઉપર નિરીક્ષકની સહી નહીં હોય તો તેવી OMR sheet મૂલ્યાંકન માટે ગણાશે નહીં.

૫) ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના ગુણના 33% ગુણ બાદ કરવામાં આવશે. જે પ્રશ્નનો જવાબ આપવામાં નહીં આવે તેની કોઇ પેનલ્ટી થશે નહીં.

૬) ઉમેદવારે સાચો બેઠક નંબર અને અરજીમાં દર્શાવેલ Question Booklet Series OMR sheet માં અવશ્ય દર્શાવવાની રહેશે. બેઠક નંબર સિવાય અથવા ખોટા નંબરની OMR sheetની ચકાસણી કરવામાં આવશે નહીં.

Scanned with CamScanner

૭) પરીક્ષાનું પરીણામ આકસ્મિક સંજોગો સિવાય પરીક્ષા પુરી થયા પછી અંદાજિત ૨૫(પચ્ચીસ) વર્કીંગ દિવસમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

૮) જૂના પ્રશ્નપત્રો સંસ્થાની વેબસાઇટ પર ઉપર મૂકવામાં આવ્યા છે. જેના આધારે પ્રશ્નપત્રો વિશેની સમજ સ્પષ્ટ થશે.

**૧૨. <u>પ્રવેશ પરીક્ષા ૨૦૨૧ સંબંધિત અપડેટ માટે સ્પીપાની વેબસાઇટ નિયમિત રૂપે જોતાં રહેવું.</u>**

તારીખ:૧૯/૦૮/૨૦૨૧
સ્થળ અમદાવાદ :

નાયબ મહાનિર્દેશક
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,
અમદાવાદ

નાયબ મહા નિર્દેશક
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

Scanned with CamScanner